વન અને પર્યાવરણ વિભાગની ડ-૪ શાખામાં ૦૧ નાયબ સેકશન અધિકારીની જગ્યા ઊભી કરવા અંગેની નવી બાબત સને ૨૦૨૫-૨૬ના વર્ષ માટે વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર

વન અને પર્યાવરણ વિભાગ

ઠરાવ ક્રમાંક:FED/WOC/e-file/6/2024/2476/A

સચિવાલય, ગાંધીનગર

તા. ઈ-સાઈન મુજબ

વંચાણે લીધા.

1. નાણા વિભાગનો તા.૦૭/૦૩/૨૦૨૫નો પરિપત્ર ક્રમાંક: FD/EXP/e-file/4/2023/3563/Z1 (Economy)
2. વન અને પર્યાવરણ વિભાગના વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્ર પ્રકાશન નં.૦૮ના પાના નં.૭૧

**આમુખ:**

વન અને પર્યાવરણ વિભાગ ખાતે ડ-૪ શાખામાં કામગીરીના ભારણ ધ્યાને લઈ, ડ-૪ શાખામાં ૦૧ નાયબ સેકશન અધિકારીની જગ્યા ઊભી કરવા અંગેની નવી બાબતને સને ૨૦૨૫-૨૬ના વર્ષ માટે વહીવટી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે વન અને પર્યાવરણ વિભાગની ડ-૪ શાખામાં ૦૧ નાયબ સેકશન અધિકારીની નવી જગ્યા ઊભી કરવા માટે સને ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં રૂ.૦ ૧૦ કરોડ (અંકે રૂપિયા દસ લાખ પુરા)ની જોગવાઇ કરવામાં આવેલ છે.

| ક્રમ | જગ્યાનો હોદ્દો | જગ્યાની સંખ્યા | પગાર ધોરણ |
|---|---|---|---|
| ૧ | નાયબ સેકશન અધિકારી | ૧ | રૂ.૩૯,૯૦૦-૧,૨૬,૬૦૦ (લેવલ-૭) |

આથી, ઉકત જોગવાઈ અન્વયે, વન અને પર્યાવરણ વિભાગની ડ-૪ શાખામાં ૦૧ નાયબ સેકશન અધિકારીની નવી જગ્યા ઊભી કરવા નીચેની શરતોને આધિન વહિવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:**

1. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૫-૨૬ના વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
2. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.
3. સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજુરી મળ્યેથી છ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સા.વ.વિ./નાણા વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજુરી મેળવી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.
4. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.
5. આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.

6. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.
7. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.
8. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી વિભાગની રહેશે.
9. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮.૦૩.૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા.૦૧.૦૪.૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.
10. વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૧૬થી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને નાણા વિભાગના તા. ૨૮/૦૩/૨૦૧૬ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.
11. આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના (તા.૨૮.૦૨.૨૦૨૬) અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.
12. સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટ સોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણા વિભાગ(કરકસર પ્રભાગ)ની પૂર્વ મંજૂરી મેળવી લેવાની રહેશે.
13. નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: FD/ZMR/e-file/4/2023/0336/Z.1 Dt.26.06.2023 અને નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: FD/ZMR/e-file/4/2022/2282/Z.1 Dt.26.06.2023 ની જોગવાઇ મુજબ વિભાગે જગ્યાને કાયમી કરવાની પ્રક્રીયા હાથ ધરવાની રહેશે.
14. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
15. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
16. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
17. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
18. યોજના હેઠળ અગાઉ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
19. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.
20. નવી બાબત અંગેનો ખર્ચ તા.૦૧.૦૪.૨૦૨૫ થી કરવાનો રહેશે.
21. આ અંગેનો ખર્ચ સને ૨૦૨૫-૨૬ના વર્ષના અંદાજપત્રમાં માંગણી નં. ૨૫, હેઠળના મુખ્ય સદર-૩૪૫૧ સચિવાલય આર્થિક સેવાઓ, (૦૯૦) સચિવાલય, (૦૧) વન અને પર્યાવરણ હેઠળ ઉધારવાનું રહેશે અને અંદાજપત્રમાં નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં આ હેતુ માટે કરવામાં આવેલ જોગવાઇમાંથી ખર્ચ મેળવવાનો રહેશે.

સદર બાબત વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા સલાહકારશ્રીની તા.૨૧/૦૩/૨૦૨૫ની નોંધથી તેમજ અગ્ર સચિવશ્રી (વન અને પર્યાવરણ વિભાગ) ની તા.૨૪/૦૩/૨૦૨૫ની નોંધથી મળેલ સંમતિ અન્વયે આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભાવન એ ભાવસાર)
ઉપસચિવ
વન અને પર્યાવરણ વિભાગ

<u>નકલ રવાના:</u>

- માન.મંત્રીશ્રી (વન અને પર્યાવરણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- માન.રા.ક.મંત્રીશ્રી (વન અને પર્યાવરણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (વ. અને પ. વિ.)ના રહસ્ય સચિવશ્રી. વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ / અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી/ખ(૧) શાખા, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, (વન અને પર્યાવરણ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના વર્ગ -૧ ના સર્વે અધિકારીશ્રીઓ, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી / ઝ(૧) શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- રોકડ શાખા (૨ નકલ) વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગની સર્વે શાખાઓ, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, વન અને પર્યાવરણ વિભાગ સચિવાલય, ગાંધીનગર વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.
- સિલેકટ ફાઇલ.